હેપ્પી બર્થ ડે ટુ યુ : આજે વડોદરાના દીર્ઘદૃષ્ટા રાજવી સર સયાજીરાવ ગાયકવાડની 150મી જન્મજયંતી છે. તે નિમિત્તે સમગ્ર શહેરમાં ઉત્સાહનો માહોલ છે. રાજવી ઘરાના સહિત શહેરના સ્પેક્ટ્રિક સામાજિક સરકારી સંસ્થાઓ અને નાગરિકો સ્વયંભૂ તેમના લાડીલા મહારાજાને યાદ કરશે. બરોડા મ્યુઝિયમ દ્વારા સયાજી સવારીમાં એક વિજ્ઞાન ફ્લોટ મૂકવામાં આવશે. આ ફ્લોટમાં વિજ્ઞાનની સંસ્કૃતિના કળાના વિવિધ નમૂનાઓ, ભેટ સ્વરૂપે મળેલા મેડલ્સ, માનપત્રો સાથે સ્મૃતિ મંજૂષાઓના મોટા વિનાઈલ પ્રિન્ટિંગ્સના ફોટોગ્રાફ્સ મૂકવામાં આવશે.

સયાજી સવારીમાં શું શું સામેલ થશે ?

110	થી વધુ ફ્લોટ્સ
50,000	થી વધુ નગરજનો
2500	જેટલાં વિદ્યાર્થીઓ
365	દિવસ ઉજવણી ચાલશે
100	ટ્રાઈસિકલ સાથે વિકલાંગો
10	રજવાડાના રાજા
150	સ્કેટર્સ -જોગર્સ
10	હાથી
30	ડાન્સ ગ્રૂપ

સયાજીરાવના જીવનદર્શનની તસવીરોનું પ્રદર્શન

વડોદરા : શનિવારે સવારે આકૃતિ આર્ટ ગેલેરી ખાતે સયાજીરાવના બચપણથી માંડીને વૃદ્ધાવસ્થા સુધીની મહત્ત્વની તમામ ઘટનાઓના વિશેષ ફોટોગ્રાફ્સના પ્રદર્શનનો આજે યુવરાજ સમરજિતસિંહ ગાયકવાડના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રદર્શનમાં સયાજીરાવના રાજ્યારોહણ, વિવિધ સવારીઓ, ઐતિહાસિક ઈમારતોનાં ચિત્રો ૧૪મી માર્ચ સુધી ઉપલબ્ધ રહેશે. પ્રદર્શનના આયોજક ચંદ્રશેખર પાટીલે જણાવ્યું કે, પ્રદર્શનમાં સયાજીરાવના રાજ્યારોહણના પ્રસંગ, પોતાના સહાધ્યાયીઓ અને શિક્ષકો સાથેનો ફોટોગ્રાફ, રવિવર્મા સાથે મોતીબાગ પેલેસ, જૂના સરકારવાડામાં દરબાર, જેફ્રુરની મુલાકાત દરમિયાન સૂર્યગ્રહણ સમયે ઉપસ્થિત રહેલા મહારાજા સયાજીરાવ, અમેરિકી રાષ્ટ્રપતિ રૂઝવેલ્ટ સાથેની મુલાકાત, દિલ્હી દરબારમાં સમ્રાટને પીઠ બતાવી હતી તે ફોટોગ્રાફ, મલ્લકુશતી, સોનાની બગી પર સવાર મહારાજા સયાજીરાવ ગાયકવાડ સહિતના ફોટોગ્રાફ્સ મૂકવામાં આવ્યા છે.

દેવસ્થાન ટ્રસ્ટનાં મંદિરોમાં વિશેષ પૂજા

વડોદરા | શ્રીમંત મહારાજા ગાયકવાડ સંચાલિત દેવસ્થાન ટ્રસ્ટ હેઠળ શહેરમાં આવેલા સુપ્રસિદ્ધ એતિહાસિક અને પ્રાચીન મંદિરોમાં આવતીકાલે રવિવારે મહારાજા સયાજીરાવ ગાયકવાડની ૧૫૦ મી જન્મજયંતિ પ્રસંગે વિશેષ અભિષેક, પૂજા-પાઠ વિધિનું આયોજન કરાયું છે. આ ઉપરાંત દેવસ્થાન ટ્રસ્ટના તમામ મંદિરોની ઈમારતોને રોશનીથી શણગારવામાં આવશે.

શહેરના કલાકારોનો ખાસ કાર્યક્રમ

વડોદરા | મહારાજા સયાજીરાવ ગાયકવાડની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે શહેરના રાજમાર્ગો પર નિકળનાર ભવ્ય શોભાયાત્રા સાથે શહેરના કલાજગતના કલાકારો દ્વારા મહાત્મા ગાંધીનગર ગૃહ બહાર વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં ભવ્ય 'સયાજી સવારી'નું સ્વાગત કરવા કલાકારો ખાસ કૃતિઓ પણ રજૂ કરનાર છે.

કહાર સમાજ કેક કાપીને મહારાજાની ૧૫૦ મી જન્મજયંતી ઉજવશે : આતશબાજી કરાશે

વડોદરા | શહેરના પાણીગેટ કહાર મહોલ્લામાં રહેતા કહાર સમાજ દ્વારા આવતીકાલે રવિવારે બપોરે ૧૨ વાગે કેક કાપીને મહારાજા સયાજીરાવ ગાયકવાડની ૧૫૦ મી જન્મજયંતિ ઉજવવાનું આયોજન કરાયું છે. આ ઉપરાંત કહાર સમાજના યુવાનો દ્વારા ધૂમ દારૂખાનું ફોડીને દીર્ઘદૃષ્ટા રાજવીને ભાવાંજલિ અર્પણ કરાશે. કહાર સમાજના આગેવાનો ચેતન કહાર, આર.બી. કહાર, નરેન કહાર, નિલેશ કહાર અને દિનેશ કહારે જણાવ્યું હતું કે, ગાયકવાડી શાસનમાં વારે-તહેવારે નીકળતી ભગવાનની પાલખીઓ ઉંચકવા માટે તે સમયે ઉત્તર પ્રદેશના બારાબંકી ગામમાંથી કહાર જ્ઞાતિના કેટલાક લોકોને મહારાજા સયાજીરાવ વડોદરા લઈ આવ્યા હતા. આ કહાર જ્ઞાતિના લોકોએ પાણીગેટ, કાંડીબાબજાર, રાવપુરા, મચ્છીપીઠ, નવાપુરા, ચાકુતપુરા, લાલ અખાડા, સંગમ સહિત વિવિધ વિસ્તારમાં વસવાટ કર્યો હતો. આજે આ સમાજ ખૂબ વિસ્તર્યો છે. આજે આ વિસ્તારો કહાર સમાજમાં સાતેપુરા (સાતપુરા) તરીકે ઓળખાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગાયકવાડી રાજ વખતથી પાલખી ઉંચકવાનું શુભ કામ કહારોની પેઢી દર પેઢીએ ચાલુ રાખ્યું છે.

અનેરો ઉત્સાહ

વહેલી સવારે 7.30 કલાકથી લક્ષ્મી વિલાસ પેલેસના મુખ્ય ગેટ ખાતે મંત્રોચ્ચાર અને શંખનાદ વચ્ચે મહારાજાના ભવ્ય કટઆઉટને પુષ્પાંજલિ દ્વારા સયાજીરાવની 150 મી જન્મજયંતીનો પ્રારંભ થશે

આજે પ્રજા કરશે રાજાને સલામ

ભાસ્કર ન્યૂઝ : વડોદરા

વડોદરાના દીર્ઘદ્રષ્ટા રાજવી સર સયાજીરાવ ગાયકવાડનો રવિવારે ૧૫૦મો જન્મદિન ભવ્યાતિભવ્ય રીતે ઉજવવા માટે શહેરીજનોમાં ગજબનો

થનગનાટ જોવા મળ્યો છે. ઉજવણીની તૈયારીઓનો તખ્તો આજે સાંજે આખરી ઓપ આપી દેવામાં આવ્યો હતો. વહેલી સવારે ૭.૩૦ કલાકથી લક્ષ્મી વિલાસ પેલેસના મુખ્ય ગેટ ખાતે વિદ્વાન પંડિતો દ્વારા મંત્રોચ્ચાર અને શંખનાદ વચ્ચે મહારાજાના ભવ્ય કટઆઉટને પુષ્પાંજલિ દ્વારા સયાજીરાવની ૧૫૦ મી જન્મજયંતિનો પ્રારંભ થશે.

મહારાજની ૧૫૦ મી જન્મજયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી રચાયેલા મહારાજા સયાજીરાવ ગાયકવાડ સ્મારક ટ્રસ્ટના ઉપક્રમે રવિવારે સાંજે શહેરના માર્ગો ઉપર સયાજી સવારીના કાર્યક્રમનું આયોજન થયું છે. સયાજી સવારીનો પ્રારંભ નવલખી મેદાન ખાતેથી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરાવાશે. નવલખી મેદાન ખાતે મુખ્યમંત્રી દ્વારા ડૉ.ભંસીધર શર્મા દ્વારા લિખિત અને યોગેશ દવે દ્વારા અનુવાદિત પુસ્તક મહારાજા સયાજીરાવ ગાયકવાડ-તૃતિય, વ્યક્તિત્વ અન કૃતિત્વની સંક્ષિપ્ત ઝલકનું વિમોચન કરાશે.

સાંજે ૫.૩૦ કલાકે નવલખી મેદાન ખાતેથી મુખ્યમંત્રી મોદી દ્વારા સયાજી સવારીને પ્રસ્થાન કરાવ્યા બાદ ૧૧૦ થી વધુ ફ્લોટ્સ સાથેની ભવ્યાતિભવ્ય સવારી કોઠી ચાર રસ્તા, ટાવર રોડ, રાવપુરા રોડ, લહેરીપુરા દરવાજા, કીર્તિસ્થંભ, રાજમહેલ ગેટ પાસેથી પસાર થઈ નવલખી મેદાન ખાતે પરત ફરશે. લક્ષ્મી વિલાસ પેલેસના મુખ્ય ગેટને રોશની અને રંગબેરંગી વસ્ત્રોથી સજાવાતાં અનેરો માહોલ જામ્યો હતો.

યાદગીરી : સયાજીરાવનો બેનમૂન મુગટ અને રજવાડી પોશાકમાં સજ્જ ખુદ મહારાજા.

રાજવી પરિવાર દરબાર હોલના ફ્લોટ્સમાં બેસી જોડાશે

મહારાજા સયાજીરાવની 150 મી જન્મજયંતિ પ્રસંગે રવિવારે સાંજે રાજમાર્ગો પર નીકળનારી સયાજી સવારીને લઇ રાજવી પરિવાર પણ ખૂબ ઉત્સાહિત છે. રાજવી પરિવારના સભ્યો રાજમહેલના પ્રસિદ્ધ દરબાર હોલના ફ્લોટ્સમાં આરૂઢ થઇ સયાજી સવારીમાં જોડાશે. સયાજી સવારીમાં જોડાનારા રાજવી પરિવારના તમામ સભ્યો રાજવી પોષાકમાં સજ્જ થઇ સામેલ થશે.

મહારાજાનું ચાર દરવાજાના રહીશોને આશ્વાસન

સયાજીરાવની 150 મી જન્મજયંતિ પ્રસંગે નીકળનારી સયાજી સવારીના નિર્ધારિત કરાયેલા રૂટમાંથી ચાર દરવાજા વિસ્તારની બાદબાકી કરાતા છે, જેથી નારાજ થયેલા આ વિસ્તારના આગેવાનો દ્વારા મહારાજા રણજિતસિંહ ગાયકવાડને રજૂઆત કરાઇ હતી. મહારાજાએ ચાર દરવાજા સિનિયર સિટીજન્સ સમિતિના કન્વીનર કીર્તિ પદોણ સાથે વાતચીત કરી માંડવી પાસે અલગ કાર્યક્રમ યોજવાનું આશ્વાસન આપ્યું હતું.



મુખ્ય મંત્રી આવનાર હોવાથી બંદોબસ્તનું રિહર્સલ કર્યું ટ્રાફિક ખોરવાયો

આવતી કાલે મુખ્યમંત્રી સયાજી સવારીમાં હાજરી આપવા માટે આવી રહ્યાં હોય શહેર પોલીસે આજે તેમના રૂટ પર બંદોબસ્તનું રિહર્સલ કર્યું હતું. જ્યારે સયાજી સવારીના રૂટ પર આજે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ મુલાકાત લઇ ટ્રાફિક સંબંધી સમસ્યાઓની ચર્ચા વિચારણા કરી બંદોબસ્ત સંબંધી પોઇન્ટ નક્કિ કર્યા હતા. સયાજી સવારીમાં કેટલીક ગમુલ્ક કહી શકાય તેવી સ્ફોટિક વસ્તુઓને પણ સામેલ કરવાની બાબતે જ્યારે જોર પકડ્યું છે, ત્યારે એક ઉચ્ચ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, આ બાબતે હજુ સુધી પોલીસને કોઇ જાણ કરવામાં આવી નથી, પરંતુ જે સવારીમાં અતિ કિંમતી અને સ્ફોટિક વસ્તુઓ સામેલ કરાશે તો તેની સુરક્ષા વ્યવસ્થા વધુ ચુસ્ત બનાવશે.

સયાજી સવારીને ઘનિષ્ઠ પોલીસ સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવશે

વડોદરા.મહારાજા સયાજીરાવ ગાયકવાડની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે શહેરમાં આજે ભવ્ય સયાજી સવારી નિકળવાની છે ત્યારે તેની સુરક્ષા માટે સમગ્રશહેર પોલીસ કાફલા ઉપરાંત બહારથી પણ જંગી પોલીસ બંદોબસ્ત મંગાવવામાં આવ્યો છે. પ્રાપ્ત થયેલી માહિતી મુજબ આજે મુખ્યમંત્રી તેમજ સયાજી સવારી તેમ બેવડા બંદોબસ્તની વ્યવસ્થા શહેર પોલીસે કરવાની હોવાના કારણે આજે ઉચ્ચ પોલીસ અધિકારીઓની મિટીંગ પણ યોજાઇ હતી. બંદોબસ્તમાં

એડિ.સી.પી. સહિત કુલ ૧૦૨૦ જેટલા અધિકારીઓ અને જવાનો ફરજ બજાવશે તેમ જાણવા મળ્યું છે. સયાજી સવારીમાં મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહેવાના હોવાના કારણે તેમનો બંદોબસ્તમાં પણ ૨૬૦ અધિકારીઓ અને જવાનોનો કાફલોખડેપગે રહેશે. જ્યારે સયાજી સવારી માટે પોલીસે ચુસ્ત બંદોબસ્તની વ્યવસ્થા ગોઠવી છે. ઉચ્ચ પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, સમગ્ર પોલીસ બંદોબસ્તનું સુપરવીઝન પોલીસ કમિશનર દ્વારા થશે. આવતી કાલના બંદોબસ્તમાં એડિશનલ પોલીસ કમિશનર ઉપરાંત ૩ ડી.સી.પી., ૭એ.સી.પી., ૨૪ પી.આઈ., ૭૯ પી.એસ.આઈ. અને ૮૦૫ પોલીસ જવાનોનો કાફલો તૈનાત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બંદોબસ્તમાં ૧૦૧ મહિલા પોલીસ પણ ફરજ બજાવશે.

શહેરમાં જે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, તેમાં બહારથી ૪ એ.સી.પી. ૧૨ પી.આઈ. અને ૧૫૦ પોલીસ જવાન ઉપરાંત ૫૦ મહિલા પોલીસ પણ ફરજ બજાવશે. આમ,શહેરમાં નિકળનારી સયાજી સવારીમાં એડિશનલ સી.પી. થી લઈને કોન્સ્ટેબલ સુધીના કુલ ૧૦૨૦જેટલા અધિકારીઓ અનેજવાનો ફરજ બજાવશે. આ ઉપરાંત એસ.આર.પી.ની એક કંપનીના જવાનો પણ બંદોબસ્તમાં ફરજ બજાવશે.

ક્યા ફ્લોટ્સ સયાજી સવારીનું આકર્ષણ

ધાર્મિક
- સ્વામીનારાયણ મંદિર, સોખડા
- દ્વારકેશવાલજ
- અટલાદરા મંદિર
- ઇસ્કોન મંદિર
- ઇંદિરા બેટીજી
- આર્ટ ઓફ લિવિંગ
- ગાયત્રી પરિવાર
- રામકિષ્ન મિશન

જાહેર ક્ષેત્રો - ઉદ્યોગો
- સયાજી સ્મારક
- સરદાર ભવન
- ડાયમંડ જ્યુબીલી ટ્રસ્ટ
- અરવિંદ વૈષ્ણવ ચેરિટેબલ ટ્રસ્ટ
- સ્પંદન
- અર્પણ
- બાલભવન
- બરોડા સિટીઝન
- રેલવે
- બીઓબી
- રિલાયન્સ
- જીએસએફસી
- એસબીઆઇ
- એલઆઇસી
- ઓએનજીસી
- એફ્જીઆઇ
- રીફાઇનરી

શાળા
- લાઇટ સ્કૂલ
- ઉન્નતી વિદ્યાલય
- નુતન વિદ્યાલય
- નવયુગ
- અંબે સ્કૂલ
- M.S. હોસ્ટેલ
- ઉર્મિ સ્કૂલ
- સત્યનારાયણ
- પંચશીલ સ્કૂલ
- શ્રેયસ સ્કૂલ
- નવરચના સ્કૂલ
- નવરચના બેન્ડ

સંસ્થાઓ
- મ.સ. યુનિ.
- મ્યુઝિયમ
- ગુજરાત ક્રીડા મંડળ
- લક્ષ્મીનાથ વ્યાયામ મંદિર
- જુમ્મા દાદા વ્યાયામ શાળા
- મધ્યસ્થ રમત કેન્દ્ર
- વાયએસસી
- બીડીએએએ
- બીસીએ
- બીડીએયએ
- બીડીકેએ
- બીડીવીએ
- ટીટીએબી
- બીડીબીબીએ

સામાજિક સંસ્થાઓ
- અખીલ ગુજરાત મરાઠી મહાસંઘ
- આરએસએસ
- વીએચપી
- શૈક્ષીક સંઘ
- લઘુ ઉદ્યોગ
- ગ્રાહક પંચાયત
- ક્રિડા ભારતી
- રાષ્ટ્રિય સેવિકા સમિતિ
- અધિવ્યક્તા

મહારાજાને ભેટ

સયાજીરાવ ગાયકવાડની 150મી જન્મજયંતી નિમિતે કરાયેલી જાહેરાત : પ્લાસ્ટિકની થેલીના બદલે ગ્રાહકોને હવે કાપડની કે કાગળની થેલી અપાશે